Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૨૫ ● સળંગ અંક : ૧૧૧૩ ● પ્રકાશિત તા-૧-૫-૨૦૨૬,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## ખૂબ ખૂબ અભિનંદન




## વાસુદત્તાબેન સતીષકુમાર પટેલ

ગાંધીનગર જીલ્લા પંચાયતની બિલોદરા (જીલ્લા પંચાયત) સીટ પરથી પ્રચંડ બહુમતીથી ભવ્ય વિજય બદલ ખુબ ખુબ શુભેચ્છાઓ અને અભિનંદન

શુભેચ્છકો

## આનંદનગર યુથ સર્કલ

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## નવા ચૂંટાયેલ કોર્પોરેટરો અચૂક વાંચે અને અમલમાં મૂકે..!!

# અમદાવાદમાં વિકાસ સાથે નાગરિક સુવિધાઓ મજબૂત બનાવવા માંગ ઉઠી..!!

અમદાવાદ : દેશના સૌથી ઝડપથી વિકસતા મહાનગરોમાંનું એક, અંદાજે ૯૦ લાખની વસ્તી ધરાવતું આ શહેર હવે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે તૈયાર થઈ રહ્યું છે. આ ગૌરવની ક્ષણ સાથે શહેરના વહીવટી તંત્ર માટે જવાબદારીઓ પણ વધી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની કાર્યક્ષમતા વધારવી હવે સમયની માંગ બની ગઈ છે.

જાગૃત નાગરિક અને સોશિયલ મિડીયાના જાણકાર પ્રણવ વસાવડા મુજબ, તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ નવા કોર્પોરેટરો સામે નાગરિકોની અપેક્ષાઓ વધુ વધી છે. 5G અને AIના યુગમાં શાસન વ્યવસ્થા વધુ પારદર્શક અને સક્રિય બને તે જરૂરી છે. દરેક વિસ્તારના કોર્પોરેટરોના સોશિયલ મીડિયા હેન્ડલ અને કાર્યાલયની માહિતી સરળતાથી નાગરિકોને ઉપલબ્ધ થાય તો

### અમદાવાદ શહેર માટે નાગરિક કેન્દ્રિત સુધારાના સૂચનો: વિકાસ સાથે વ્યવસ્થાની જરૂરિયાત

લોકો પોતાના પ્રશ્નો ઝડપથી રજૂ કરી શકે અને તંત્ર તરફથી ત્વરિત પ્રતિસાદ મળી શકે.

તેઓ જણાવી રહ્યા છે કે શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યા અને પાર્કિંગની અછત આગામી સમયમાં ગંભીર સ્વરૂપ લઈ શકે છે. રોજબરોજ વધતી વાહનોની સંખ્યા વચ્ચે જો લોક પ્રતિનિધિઓ પોતે જાહેર પરિવહન સેવાઓનો ઉપયોગ કરે તો તે નાગરિકોમાં સકારાત્મક સંદેશ આપશે. મહિને એક વાર પણ જાહેર પરિવહનનો ઉપયોગ કરીને નેતાઓને જમીન સ્તરની સમસ્યાઓની વધુ સારી સમજ મળી શકે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઝોન આધારિત ફરિયાદ વ્યવસ્થા વિકસાવવાની પણ જરૂર છે. જેમ કે પોલીસ તંત્ર સોશિયલ મીડિયા દ્વારા ફરિયાદોનું નિવારણ કરી રહ્યું છે, તેવી જ રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ ઝોનવાઈઝ સોશિયલ મીડિયા એકાઉન્ટ શરૂ કરવામાં આવે તો કામનું વહેંચાણ સરળ બનશે અને સમસ્યાઓનો ઝડપી ઉકેલ મળી શકે.

આ ઉપરાંત જાહેર પરિવહન સેવાઓ જેવી કે AMTS અને BRTS નો ઉપયોગ લાખો નાગરિકો કરે છે, છતાં તેમાં આવતી સમસ્યાઓ માટે કોઈ અસરકારક હેલ્પલાઇન ઉપલબ્ધ નથી. જો સક્રિય હેલ્પલાઇન શરૂ કરવામાં આવે તો મુસાફરોની મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ આવી શકે.

આ ઉપરાંત વધતી ગરમી સામે રક્ષણ મેળવવા માટે ગ્રીન કવર વધારવાની પણ તાત્કાલિક જરૂર છે. મેટ્રો પિલરો વચ્ચે વૃક્ષારોપણ કરવામાં આવે તો તાપમાન ઘટાડવામાં મદદ મળી શકે અને શહેર વધુ પર્યાવરણમિત્ર બની શકે.આ તમામ સૂચનો અમલમાં મુકવામાં આવે તો અમદાવાદ શહેર વિકાસ સાથે સુવ્યવસ્થિત અને નાગરિકમૈત્રી બની શકે છે.

## વાડજ પોલીસ સ્ટેશનના ગુનાનો ભેદ ઉકેલાયો : રિક્ષામાં મુસાફરોને ટાર્ગેટ કરતી ચોરી ગેંગ ઝડપાઈ



અમદાવાદ : અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રીક્ષામાં બેસતા પેસેન્જરોની નજર ચૂકવી ચોરી થવાના બનાવો વધી રહ્યા હતા.ત્યારે રિક્ષામાં મુસાફરોને બેસાડી તેમની નજર ચૂકવી કિંમતી સામાનની ચોરી કરતી ગેંગને લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) ઝોન-૧ દ્વારા ઝડપવામાં સફળતા મળી છે.પોલીસે આ ગેંગના ત્રણ સભ્યોની ધરપકડ કરી સોનાનું મંગળસૂત્ર અને ઓટો રીક્ષા સહિત કુલ રૂ. ૧,૩૦,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે.

રિપોર્ટ મુજબ, લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) ઝોન-૧ ટીમને પેટ્રોલિંગ દરમિયાન પોલીસને મળેલી ખાનગી બાતમીના આધારે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. આરોપીઓ રિક્ષામાં મુસાફર તરીકે બેસીને અન્ય મુસાફરોની નજર ચૂકવી તેમની કિંમતી વસ્તુઓ ચોરી લેતા હતા.પકડાયેલા આરોપીઓમાં પ્રતાપભાઈ સોલંકી (ઉંમર ૨૦), રતીબેન ચુડાસમા (ઉંમર ૬૦) અને ભાનુબેન ઉર્ફે કાંતાબેન ચુડાસમા (ઉંમર ૫૦)નો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ હાલ વાસણા, અમદાવાદ ખાતે રહે છે અને મૂળ રાજુલા, જી. અમરેલીના વતની છે. પોલીસે આરોપીઓ પાસેથી અંદાજે રૂ. ૧.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે, જેમાં સોનાનું મંગળસૂત્ર (રૂ.૧ લાખ) અને એક ઓટો રિક્ષા (રૂ. ૩૦ હજાર)નો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ મામલે વાડજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પ્રતાપભાઈ અને રતીબેન અગાઉ ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં પણ સંડોવાયેલા છે.આરોપીઓ અગાઉ પણ સમાન પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.આ સફળ કામગીરીમાં LCB ઝોન-૧ના પોલીસ અધિકારીઓ અને સ્ટાફની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.

## અમદાવાદમાં AMC ના ફૂડ વિભાગ દ્વારા "Barbecue World" સીલ કરવાની કાર્યવાહી કરાઈ




અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા આજે પાંજરાપોળ ચાર રસ્તા વિસ્તારમાં આવેલ "Barbecue World" નામના ખાદ્ય એકમ વિરુદ્ધ સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

રિપોર્ટ મુજબ,અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગને CCRS મારફતે ફરિયાદ પ્રાપ્ત થઈ હતી કે પાંજરાપોળ ચાર રસ્તા વિસ્તારમાં આવેલ પીરસવામાં આવતા ખોરાકમાં જીવાત જોવા મળી હતી. ફરિયાદના આધારે ફૂડ વિભાગ દ્વારા તાત્કાલિક સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે એકમનું રસોડું તથા સ્ટોરેજ વિસ્તાર અત્યંત અસ્વચ્છ હાલતમાં હતું. સ્થળ પર જીવંત જીવાતો પણ જોવા મળ્યા હતા, જે ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા સંબંધિત નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે.આથી, જાહેર આરોગ્યના હિતને ધ્યાનમાં રાખીને તાત્કાલિક અસરથી આ ખાદ્ય એકમને સીલ કરવામાં આવ્યો છે.

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લેસ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી


શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.



ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીયુ અને જલેબી મળશે



વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.




## હાઉસિંગ બોર્ડની અનેક સોસાયટીઓમાં ગિફ્ટ મની અપાતા રહીશોમાં ઉત્સાહનો માહોલ

# ગિફ્ટ મની મળતા રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં તેજીની શક્યતા...!!!

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની વર્ષો જૂની વસાહતો માટે રીડેવલપમેન્ટના દ્વાર ખૂલ્યા છે. લાંબા સમયથી ખોરંભે પડેલી રીડેવલપમેન્ટની પ્રક્રિયામાં હવે 'ગિફ્ટ મની'એ વેગ આપ્યો છે. ડેવલપરો દ્વારા રહીશોને આર્થિક પ્રોત્સાહન પેટે રકમ ચૂકવવાની શરૂઆત થતાં જ રહેવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શરૂઆતના તબક્કામાં ડેવલપરો દ્વારા "ગિફ્ટ મની" આપવા અંગે આનાકાની થતા અનેક પ્રોજેક્ટ અટકી ગયા હતા. પરંતુ છેલ્લા થોડા સમયથી પરિસ્થિતિ બદલાઈ રહી છે. ડેવલપરો હવે રહીશોને ગિફ્ટ મની આપતા થયા છે, જેના કારણે અટવાયેલા પ્રોજેક્ટોને ફરી ગતિ મળી છે.

તાજેતરમાં નારણપુરાની કેટલીક સોસાયટીઓમાં

### વિશેષજ્ઞોના મતે, આવી ગિફ્ટ મની સોસાયટી તૂટે તે પહેલાં જ મેળવી લેવી રહેવાસીઓ માટે લાભદાયી સાબિત થઈ શકે છે...

ગિફ્ટ મની તરીકે રૂ. ૨ લાખથી લઈને રૂ. ૫ લાખ સુધી આપવામાં આવી હોવાની ચર્ચા તેજ બની છે. આ સમાચારના પગલે શહેરના અન્ય વિસ્તારોમાં પણ અંદરખાને ગિફ્ટ મની રોકડ કે ચેક દ્વારા આપવામાં આવી રહી હોવાની ચર્ચાઓ ઉઠી છે. કેટલીક જગ્યાએ આ રકમ એક સાથે તો કેટલીક જગ્યાએ તબક્કાવાર આપવામાં આવતી હોવાનું જાણવા મળે છે.

રીડેવલપમેન્ટ પ્રક્રિયામાં ગિફ્ટ મની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ખાસ કરીને મોટા બાંધકામ અને રહેવાસીઓની સંમતિ મેળવવા માટે આ રકમ એક મુખ્ય પરિબળ બની છે. ઘણા કેસોમાં ગિફ્ટ મની મળતા જ અટકેલા પ્રોજેક્ટ ફરી શરૂ થયા છે, જેના કારણે આગામી સમયમાં વધુ સોસાયટીઓ રીડેવલપમેન્ટ માટે આગળ આવે તેવી શક્યતા છે.

વિશેષજ્ઞોના મતે, આવી ગિફ્ટ મની સોસાયટી તૂટે તે પહેલાં જ મેળવી લેવી રહેવાસીઓ માટે લાભદાયી સાબિત થઈ શકે છે. સાથે જ, સરકાર જો ટેન્ડર પ્રક્રિયામાં જ સોસાયટીની કેટેગરી, મકાનના કાર્પેટ એરિયા અને ભૌગોલિક પરિસ્થિતિ મુજબ મિનિમમ ગિફ્ટ મની નક્કી કરે, તો સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા અને ઝડપ આવી શકે છે.

સૂચિત મિનિમમ ગિફ્ટ મની રકમો નીચે મુજબ હોઈ શકે છે:

ઈડબલ્યુએસ (EWS): રૂ. ૫,૦૦,૦૦૦

એલઆઈજી (LIG): રૂ. ૭,૦૦,૦૦૦

એમઆઈજી (MIG): રૂ. ૧૧,૦૦,૦૦૦

એચઆઈજી (HIG): રૂ. ૧૫,૦૦,૦૦૦

આ પ્રસ્તાવ અમલમાં આવે તો શહેરમાં રીડેવલપમેન્ટની પ્રક્રિયા વધુ વ્યવસ્થિત અને ઝડપી બની શકે તેવી આશા વ્યક્ત થઈ રહી છે.

# હાઈકોર્ટમાં પાર્કિંગ વિવાદનો અંત: સોલાના અભિષેક હાઈટ્સ એસોસિએશન દ્વારા અરજી પરત

અમદાવાદ : શહેરમાં આવેલી અભિષેક હાઈટ્સ એસોસિએશન દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય સામે દાખલ કરાયેલ અરજીમાં પાર્કિંગ જગ્યા અંગે ઉઠાવાયેલ વિવાદ અંતે નિરાકરણ થયું છે. આ મામલો માનનીય ન્યાયમૂર્તિ નિરાલ આર. મહેતા સમક્ષ સુનાવણી માટે આવ્યો હતો.

રિપોર્ટ મુજબ, અરજદાર તરફથી મુખ્ય ફરિયાદ એવી હતી કે રિવાઇઝ્ડ ડેવલપમેન્ટ પ્લાન મુજબ તેમને મૂળ મંજૂર નકશાની સરખામણીએ ઓછું પાર્કિંગ મળ્યું છે. અરજદારે દાવો કર્યો હતો કે લગભગ ૧૫૫૧.૭૦ ચોરસ મીટર જેટલી પાર્કિંગ જગ્યા અગાઉ ઉપલબ્ધ હતી, જ્યારે નવી યોજનામાં દર્શાવેલી પાર્કિંગ જગ્યા ટ્રાન્સફોર્મર રૂમ, પાણીના ટાંકા અને પાણીના રૂમ જેવી સુવિધાઓથી પ્રભાવિત થાય છે, જેના કારણે વાસ્તવિક ઉપયોગ માટે પૂરતી નથી.

જોકે, પ્રતિવાદી તરફથી રજૂઆત દરમિયાન જણાવાયું હતું કે સુધારેલ વિકાસ યોજના મુજબ કુલ ૧૫૩૭ ચોરસ મીટર પાર્કિંગ જગ્યા ફાળવવામાં આવી છે, જે ટ્રાન્સફોર્મર રૂમ, પાણીના ટાંકા અને અન્ય સુવિધાઓથી અલગ છે અને સંપૂર્ણપણે પાર્કિંગ માટે જ નિર્ધારિત છે.

આ સ્પષ્ટતા બાદ અરજદાર પક્ષે જણાવ્યું હતું કે તેમની ફરિયાદ હવે નિરાકરણ થયું છે અને તેઓ વધુ કાર્યવાહી કરવા ઈચ્છતા નથી. પરિણામે, અદાલતે અરજીનો અંત લાવી મામલો નિરાકરિત જાહેર કર્યો હતો.આ નિર્ણયથી પાર્કિંગ સંબંધિત વિવાદનો અંત આવ્યો છે અને બંને પક્ષો વચ્ચે સમજૂતીપૂર્ણ સ્થિતિ સર્જાઈ છે.

આ નિર્ણય સાથે અભિષેક હાઈટ્સમાં પાર્કિંગ સુવિધાને લગતો વિવાદ સમાપ્ત થયો છે. અદાલતમાં થયેલી સ્પષ્ટતાઓને કારણે રહેવાસીઓમાં ઉભી થયેલી ગેરસમજ દૂર થઈ હોવાનું માનવામાં આવે છે. આ કેસ શહેરના રહેણાંક પ્રોજેક્ટ્સમાં પાર્કિંગ આયોજન અને પારદર્શિતાના મુદ્દે મહત્વપૂર્ણ ઉદાહરણ તરીકે જોવામાં આવે છે.

# "વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા પરીસર": સદભાવના વૃદ્ધાશ્રમને "માવતર જોઈએ છે"

અમદાવાદ : વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાઘાર બનતા જાય છે. રાજકોટમાં છેલ્લા દસ વર્ષથી "વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા પરીસર" સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ૫૦૦ કરોડનાં માતબર ખર્ચે ૧૪૦૦ રૂમમાં, ૫૦૦૦ નીરાધારબીમાર-પથારીવશ વડીલોનો સમાવેશ કરશે વિશ્વનાં સૌથી મોટો નિ:શુલ્ક સદભાવના વૃધ્ધાશ્રમનું નવું વિનુભાઇ બચુભાઈ નાગ્રેચા પરિસરમાં નીરાધાર-બીમાર-પથારીવશ વડીલો જીવનભર માટે સંપૂર્ણ રીતે નિ:શુલ્ક રહેશે. જેમાં ૭ ટાવર્સમાં દરેક ટાવરમાં ૧૧ માળ હશે, જેથી દરેક વ્યક્તિને પૂરતી જગ્યા અને સંભાળ મળી રહેશે. તેમજ જૈન સમાજના વડીલો માટે આખો ટાવર જ અલગ બનાવ્યો છે જ્યાં દેરાસર પણ બનાવાયું છે. ૨૦ લાખ સ્કેવેર ફૂટના બાંધકામ સાથે "વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા પરીસર" સદભાવના વૃદ્ધાશ્રમ. સદભાવના વૃધાશ્રમ વિશે વાત કરીએ તો સદભાવના વૃધાશ્રમ એક ખાસ વૃદ્ધાશ્રમ છે જે નિ:સંતાન, નિરાધાર, પથારીવશ અને કેન્સર તથા કોમા ગ્રસ્ત વૃદ્ધ વ્યક્તિઓને ગૌરવ અને નિષ્ઠા સાથે મફત જીવનભર સંભાળ પૂરી પાડવા માટે સમર્પિત છે.



# રાણીપમાં પત્નીથી કંટાળી પતિએ આપઘાત કર્યો, પોલીસે ફરાર થયેલી ભગવતીની ધરપકડ કરી

અમદાવાદ : શહેરના રાણીપ વિસ્તારમાં પત્નીના માનસિક ત્રાસ અને અનૈતિક સંબંધોથી કંટાળીને એક પતિએ જીવન ટૂંકાવ્યાની ઘટનાએ ચકચાર મચાવી છે. મૃતકે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો તે પહેલા વીડિયો બનાવીને પત્નીના ત્રાસ અને આર્થિક છેતરપિંડી મામલે જણાવ્યું હતું. આ ઉપરાંત, મૃતકે બે પાનાની સુસાઇડ નોટ લખી હતી. સમગ્ર મામલે રાણીપ પોલીસે વીડિયો અને સુસાઇડ નોટના આધારે આરોપી પત્નીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ મુજબ, ગત ૨૨ માર્ચ, ૨૦૨૬ના રોજ રાણીપ વિસ્તારમાં દશરથ દેસાઈ નામના વ્યક્તિએ પત્ની ભગવતીના અનૈતિક સંબંધો અને માનસિક ત્રાસના કારણે આપઘાત કરી લીધો હતો. આપઘાત પહેલા દશરથે ૬.૫૧ મિનિટનો વીડિયો બનાવ્યો હતો. જેમાં પત્નીના અન્ય પુરુષ સાથે સંબંધ વિશે જણાવે છે. પતિએ આપઘાત કરી લેતા પત્ની ફરાર થઈ ગઈ હતી. જો કે, પોલીસે તેને ઝડપી પાડી હતી. મૃતક દશરથભાઈએ મોતને ભેટતા પહેલા એક ચોંકાવનારો વિડીયો બનાવ્યો હતો. આ વિડીયોમાં તેમણે પોતાની પત્ની ભગવતીના ત્રાસની વિગતો આપતા જણાવ્યું હતું કે, ભગવતી તેમને વારંવાર પોતે આત્મહત્યા કરી લેશે તેવી ધમકી આપી દબાવતી હતી. આ ઉપરાંત, વિડીયોમાં તેમણે ભગવતી, લસી, મહેશ, ભીખાભાઈ અને સુરેખા જેવા લોકોના નામ આપીને તેમને પોતાના મોત માટે જવાબદાર ગણાવ્યા હતા.

મૃતકના ભાઈ દેવશીભાઈ દેસાઈએ પોલીસ સમક્ષ ગંભીર નિવેદન આપ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, દશરથભાઈએ અત્યાર સુધી જે કંઈ પણ કમાણી કરી હતી તે તમામ પત્ની ભગવતીએ પડાવી લીધી હતી. એટલું જ નહીં, ભગવતીના અન્ય પુરુષો સાથે આડા સંબંધો હોવાથી દશરથભાઈ માનસિક રીતે ભાંગી પડ્યા હતા.

પરિવારજનોની માંગ છે કે માત્ર ભગવતી જ નહીં, પરંતુ વિડીયોમાં જે અન્ય લોકોના નામ લેવામાં આવ્યા છે તેમની પણ તાત્કાલિક ધરપકડ કરવામાં આવે. હાલમાં રાણીપ પોલીસે ભગવતીની ધરપકડ કરી અન્ય આરોપીઓની શોધખોળ અને કેસની વધુ તપાસ તેજ કરી છે.


# આરટીઈ હેઠળ પ્રી-પ્રાઈમરીમાં એડમિશનને રાષ્ટ્રીય અભિયાન બનાવો: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી,સ્કૂલોમાં વંચિત વર્ગો માટે ૨૫ ટકા આરટીઈ ક્વોટાને 'રાષ્ટ્રીય અભિયાન' ગણાવી સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે, સ્થાનિક ખાનગી સ્કૂલો વિલંબ વગર શિક્ષણ અધિકાર ધારા હેઠળ ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બંધારણીય અને કાનૂની રીતે બંધાયેલી છે. પ્રી-પ્રાઈમરી ક્લાસમાં એડમિશનને રાષ્ટ્રીય અભિયાન બનાવવા પર ભાર મૂકી સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, સરકાર વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરીને મોકલે તે પછી સ્કૂલો પાસે પ્રવેશ આપવા સિવાય બીજો કોઇ વિકલ્પ હોતો નથી.ન્યાયાધીશ પી એસ નરસિંહા અને આલોક આરાધેની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે, સરકારનું અનુદાન ન મેળવતી નજીકની સ્કૂલો આરટીઈ માળખા હેઠળ વિદ્યાર્થીઓને વિલંબ વગર પ્રવેશ આપવા બંધાયેલી છે. આવા પ્રવેશનો ઇનકાર બંધારણની કલમ ૨૧એ હેઠળના શિક્ષણના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે.ચુકાદામાં જણાવાયુ હતું કે આરટીઈ ધારા, ૨૦૦૯ની કલમ ૧૨ હેઠળ સમાજના નબળા અને વંચિત વર્ગના બાળકોને ૨૫ ટકા સુધી પ્રવેશ આપવાની જોગવાઈ સમાજના સામાજિક માળખાને બદલવાની અસાધારણ ક્ષમતા ધરાવે છે.















Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.